

# પરિષદવૃત્ત

**સં. અનિલા દલાલ**

## (૧) બાળસાહિત્યનું સર્જન સરળ નથી, અઘરું છે – શ્રી નિર્મિશ ઠાકર

'ગુજરાતી સાહિત્ય પરિષદ' અને 'સાહિત્ય સંગમ' (સુરત)ના સંયુક્ત ઉપક્રમે શ્રી ચંદ્રકાન્ત શેઠપ્રેરિત બાળકિશોર–વ્યાખ્યાનમાળામાં ગુજરાતી બાળસાહિત્યમાં પાત્રો અને તેનું મહત્ત્વ પર વક્તવ્ય આપતાં સાહિત્યકાર શ્રી નિર્મિશ ઠાકરે કહ્યું કે, બાળકો માટે ચિત્ર વિનાનું સાહિત્ય કલ્પી શકાતું નથી. અંગ્રેજી અને ગુજરાતી બાળસાહિત્યમાંથી અનેક લેખકો અને એમનાં વિખ્યાત પાત્રોનો ઉલ્લેખ કરીને કહ્યું કે, એમના વિકાસમાં બાળસાહિત્યનો મહામૂલો ફાળો રહ્યો છે. અલબત્ત, બાળસાહિત્યકારે સર્જન દરમિયાન રાખવાની સાવધાની વિશે પણ વિગતે વાત કરતાં શ્રી નિર્મિશ ઠાકરે કહ્યું કે, બાળકને ખોટો મેસેજ ન મળે એવું વાર્તામાં આયોજન હોવું જોઈએ. સર્જકે સરમુખત્યાર બનવાનું નથી, પણ બાળક જેવા બનીને સર્જન કરવાનું છે. પ્રમુખસ્થાનેથી બાળસાહિત્યકાર શ્રી મોહનભાઈ વાઘેલાએ જણાવ્યું કે, વાર્તામાં પાત્ર છવાઈ જવું જોઈએ. શ્રી રવીન્દ્ર પારેખે ગુજરાતી સાહિત્ય પરિષદનો પરિચય આપી વ્યાખ્યાનમાળાનો ઉદ્દેશ સમજાવ્યો હતો. શ્રી જનક નાયકે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

(૨) તા. ૧-૪-૨૦૦૯ના રોજ પરિષદ અંતર્ગત રવીન્દ્રભવનના ઉપક્રમે **'બે વિશ્વયુદ્ધો અને રવીન્દ્રનાથ'** એ વિશે શ્રી નિરંજન ભગતે વક્તવ્ય આપ્યું હતું. તે સમયગાળા દરમિયાન રવીન્દ્રનાથે રચેલાં કેટલાંક કાવ્યોનું વક્તાએ પઠન કર્યું હતું, જેમાં કવિ રવીન્દ્રનાથે જુદી જુદી રીતિએ યુદ્ધની – કોઈ સંકટની આશંકા અને પૂર્વધારણાઓ વ્યક્ત કરી હતી.

(૩) પરિષદ સંચાલિત **'પાક્ષિકી'** અંતર્ગત તા. ૨-૪-૦૯ની સાંજે શ્રી જિજ્ઞેશ બ્રહ્મભટ્ટે 'સ્વર્ગારોહણ' વાર્તાનું પઠન કર્યું હતું, જેમાં જીવનનાં ઉન્નત શિખરો સર કરવાનાં માણસનાં મનોમંથનને કપોલકલ્પિત રીતે – મનરૂપી વાંદરાને લઈને રજૂ કરવામાં આવેલું હતું. અગાઉની આ જ પ્રકારની છ વાર્તાઓ સાથે આ વાર્તાએ ઉઘાડેલા નવા જ વિશ્વથી ઉપસ્થિત રસિકોએ નવો અવાજ મળ્યાનો આનંદ વ્યક્ત કર્યો હતો.

(૪) ગુજરાતી સાહિત્ય પરિષદે તા. ૧૩-૪-૨૦૦૯ની સાંજે પૂ. વિમલાતાઈ, શ્રી વિનોદ મેઘાણી, શ્રી આસિમ રાંદેરી, શ્રી દિનેશ કોઠારી તથા અન્ય સ્વર્ગસ્થ સર્જકોને **શ્રદ્ધાંજલિ** અર્પવાનો કાર્યક્રમ આયોજિત કર્યો હતો. શ્રી પ્રકાશ ન. શાહે પૂ. તાઈને અંજલિ અર્પતાં 'ચેતનાની સ્વતંત્રતાનું અસ્તિત્વ' વિશેની પૂ. તાઈની વિચારધારાને એમના જીવનના યથોચિત પ્રસંગો મૂકી રજૂ કરી હતી. શ્રી ભોળાભાઈ પટેલે સ્વર્ગસ્થ વિનોદ મેઘાણીના અનુવાદના કાર્યક્ષેત્રે થયેલાં વિધવિધ પ્રદાનોને – અંગ્રેજીમાંથી ગુજરાતી અને ગુજરાતીમાંથી અંગ્રેજી અનુવાદ – બિરદાવી અંજલિ આપી. શ્રી રાજેશ વ્યાસ 'મિસ્કીને' શ્રી આસિમ રાંદેરીના ગુજરાતી ગઝલ તેમજ ઉર્દૂ ગઝલને શિષ્ટ સ્વરૂપ આપવાના સન્નિષ્ઠ પ્રયાસની અને એમણે શરૂ કરેલી મુશાયરાપ્રવૃત્તિની વાત કરી વંદન પાઠવ્યાં હતાં. શ્રી દિનેશ કોઠારીના કર્યાં હતાં. તેમણે માઇક્રોસ્કોપમાંથી નિરીક્ષણ



ઓછા પણ મૂલ્યવાન સાહિત્યિક પ્રદાનને આલેખી શ્રી ચંદ્રકાન્ત શેઠ અને શ્રી લાભશંકર ઠાકરે તેમના જીવનના પ્રસંગો રજૂ કરી સ્મરણાંજલિ પાઠવી. અધ્યક્ષસ્થાનેથી શ્રી રઘુવીર ચૌધરીએ સૌ સદ્ગત સાહિત્યકારોને અંજલિ આપી હતી. ઉપરાંત, અન્ય સ્વર્ગસ્થ સાહિત્યસર્જકો શ્રી મનોજ્ઞા દેસાઈ, શ્રી અનંત પાઠક તેમજ શ્રી સનત્ ભટ્ટને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. શોકઠરાવ પસાર કર્યો હતો. આ શોકસભામાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ગુજરાત વિદ્યાસભા તેમજ અન્ય સંસ્થાઓ જોડાઈ હતી.

(૫) પરિષદ સંચાલિત **'પાક્ષિકી'** અને **'સર્જકો સાથે સંવાદ'**ના ઉપક્રમે તા. ૧૬-૪-૨૦૦૯ના રોજ શ્રી રતિલાલ બોરીસાગરે 'ભાષામાં શુદ્ધ લેખન'ની ચર્ચામાં વિભક્તિથી જોડાયેલા શબ્દો, નામયોગી શબ્દો, લિંગવાચક શબ્દો, દ્વિરુક્ત પ્રયોગો વગેરેની સદૃષ્ટાંત ચર્ચા કરી હતી.

(૬) શિક્ષણના માધ્યમ અને સંતાનોની કારકિર્દીના પ્રશ્નોની અને મૂંઝવણોની, માતૃભાષાના શિક્ષણથી ગ્રહણશક્તિની – વગેરે બાબતો અંગે પુખ્ત વિચારણા કરવા વિશ્વકક્ષાના જાણીતા ખગોળવિજ્ઞાની અને માધ્યમ વિશે ચિંતન તેમજ ચિંતા કરનાર **ડૉ. પંકજ જોષીનું વ્યાખ્યાન** તા. ૧૭-૪-૨૦૦૯ની રાત્રે શિક્ષણ મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠમાં યોજવામાં આવ્યું હતું. ગુજરાત કેળવણી પરિષદે યોજેલા આ કાર્યક્રમમાં ગૂજરાત વિદ્યાપીઠ, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વગેરે સંસ્થાઓનો સહયોગ હતો. ડૉ. જોષીના વ્યાખ્યાન પછી પ્રશ્નોત્તરીનું આયોજન થયું હતું. સભાને અંતે જાણીતા ગાંધીવાદી ચિંતક અને ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી નારાયણભાઈ દેસાઈએ પોતાનો દૃષ્ટિકોણ રજૂ કરી માર્ગદર્શન આપ્યું હતું. વાલીઓ-વિદ્યાર્થીઓની સારી હાજરી હતી. સભાનું સંચાલન શ્રી મનસુખભાઈ સલ્લાએ કર્યું હતું.

(૭) ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં – ભાષા, માધ્યમ, માતૃભાષામાં શિક્ષણ – માતૃભાષાનું શિક્ષણ વગેરેના અનુસંધાનમાં – તા. ૧૮-૪-૨૦૦૯ની સવારે પરિષદના ગોવર્ધન સ્મૃતિમંદિરમાં **ડૉ. પંકજ જોષીની ઉપસ્થિતિમાં પ્રેસ કૉન્ફરન્સ** યોજવામાં આવી હતી. શ્રી રતિલાલ બોરીસાગર અને શ્રી ભીખેશ ભટ્ટે સંયોજન કર્યું હતું. શ્રી રઘુવીર ચૌધરીની અધ્યક્ષતામાં યોજાયેલી આ સભામાં પ્રેસ-રિપોર્ટર્સ-લેખકો વગેરેએ ચર્ચામાં ભાગ લીધો અને મૂંઝવતા આ પ્રશ્ન પર ડૉ. જોષીએ પ્રકાશ પાડ્યો હતો અને વાસ્તવમાં કઈ દિશાઓ તરફ જઈ શકાય, શું સંભવિતતાઓ છે તેની પણ ડૉ. જોષીએ છણાવટ કરી હતી.

(૮) પરિષદના ઉપક્રમે **શ્રી કાકાસાહેબ કાલેલકર વ્યાખ્યાનશ્રેણી**નું પ્રથમ વ્યાખ્યાન, ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચ, મુંબઈમાં પ્રોફેસર તરીકે કાર્યરત પ્રસિદ્ધ ખગોળવિજ્ઞાની ડૉ. પંકજ જોષીએ, પરિષદપ્રમુખશ્રી નારાયણ દેસાઈની અધ્યક્ષતામાં 'ગાંધીનું વિજ્ઞાન' વિશે તા. ૧૮-૪-૨૦૦૯ની સાંજે પરિષદભવનમાં આપ્યું હતું. શ્રી અનિલા દલાલે સ્વાગત કરી પરિચય આપતાં જણાવ્યું કે ડૉ. જોષી સ્ટીફન હૉકિંગ જેવા ખગોળવિજ્ઞાનીની શ્રેણીમાં આવી શકે. આ વ્યાખ્યાન શ્રી કાકાસાહેબ કાલેલકર ગ્રંથપ્રકાશન સમિતિ દ્વારા પરિષદને આપવામાં આવેલા દાનમાંથી યોજવામાં આવ્યું છે તે જણાવ્યું. ડૉ. પંકજ જોષીએ દશ્ય માધ્યમની મદદથી પોતાનું વક્તવ્ય રજૂ કર્યું હતું. તેમણે ગાંધીજી વિજ્ઞાન વિરોધી નહોતા એની સ્થાપના કરવા જુદા જુદા સંદર્ભો અને ઘણા ચિંતકોનાં મંતવ્યો રજૂ

કરતા ગાંધીજીની તસવીર બનાવી હતી. ગાંધીજીને બ્રહ્માંડ વિશે જાણવાની જિજ્ઞાસા હતી તે વાત ગાંધીજીના શબ્દો ટાંકી તેમણે બતાવ્યું હતું. તેમણે જણાવ્યું કે કદાચ ગાંધીજી આજે ટેલિસ્કોપમાંથી નિરીક્ષણ કરવા તૈયાર થયા હોત. વિજ્ઞાની આઇન્સ્ટાઇન સાથે પણ વિજ્ઞાનવિષયક પત્રવ્યવહાર ગાંધીજીએ કર્યો હતો, તો 'હિંદ સ્વરાજ'માંથી પણ ડૉ. જોષીએ ઉલ્લેખો આપી ગાંધીજીનું વિજ્ઞાન તરફી વલણ કેવી રીતનું હતું તે દર્શાવ્યું. પ્રમાણભૂત આધારો ટાંકીને આપેલું આ વ્યાખ્યાન વિશદ અને પ્રભાવક રહ્યું. એક વિજ્ઞાનીની નિરૂપણરીતિ એમાં જોઈ શકાતી હતી. અધ્યક્ષપદેથી શ્રી નારાયણભાઈએ પણ ગાંધીજીની વિજ્ઞાન માટેની વિશિષ્ટ વિચારસરણી પર ભાર મૂક્યો હતો. અંતે કોષાધ્યક્ષ શ્રી રાજેન્દ્ર પટેલે આભારદર્શન કર્યું, અને જણાવ્યું કે ડૉ. જોષીએ એમનું પુસ્તક 'બ્રહ્માંડદર્શન' સામાન્ય વ્યક્તિ સુધી પહોંચે, માટે એમનો પુરસ્કાર એમાં ફાળવી શાળાઓમાં એ પુસ્તક પહોંચતું કરવું. શ્રી કાલેલકર સમિતિના ટ્રસ્ટીઓનો પણ તેમણે આભાર માન્યો હતો.

(૯) સચ્ચિદાનંદ સમાજસેવા ટ્રસ્ટ, દંતાલી દ્વારા ગુજરાતી સાહિત્ય પરિષદને મળેલા દાનમાંથી મૂલ્યનિષ્ઠ, સત્ત્વશીલ તેમજ કર્મશીલ સાહિત્યકારને એમના સાહિત્યસર્જન માટે **'સચ્ચિદાનંદ સન્માન'** અર્પણ કરવામાં આવે છે તે સન્માન ૨૦૦૬ના વર્ષનું મૂલ્યનિષ્ઠ કેળવણીકાર શ્રી ધીરુભાઈ ઠાકરને તા. ૧૯-૪-૦૯ના રોજ આપવામાં આવ્યું. સૌનું સ્વાગત કર્યા બાદ શ્રી રઘુવીર ચૌધરીએ સ્વામી સચ્ચિદાનંદજીની તેમજ આ દાન વિશેની વિગતો, સન્માન કોને કોને અપાયું વગેરે જણાવ્યું. તેમણે શ્રી ધીરુભાઈના વ્યક્તિત્વનાં થોડાં પાસાં ઉપસાવી ગુજરાત કૉલેજ – મોડાસા કૉલેજના દિવસો યાદ કર્યા. ફૅકલ્ટી ઑફ પર્ફોર્મિંગ આર્ટ્સ, એમ. એસ. યુનિ.ના ડીન શ્રી મહેશ ચંપકલાલે શ્રી ધીરુભાઈએ નાટ્યક્ષેત્રે કરેલાં પ્રદાન વિશે તેમજ નાટ્યપ્રવૃત્તિ વિશેનાં તેમનાં અભિપ્રાયના મહત્ત્વનાં મર્મસ્થાનો ટૂંકમાં ખોલી આપ્યાં. મધ્યકાલીન સાહિત્યના વિદ્વાન્ શ્રી ચિમનલાલ ત્રિવેદીએ શ્રી ધીરુભાઈએ ગુજરાતી સાહિત્યનાં વિવેચન-સંપાદન ક્ષેત્રે જે સેવાઓ આપી તેનું બયાન રજૂ કર્યું. આ પછી સન્માનવિધિમાં અધ્યક્ષશ્રી નારાયણભાઈએ શ્રી ધીરુભાઈને શાલ ઓઢાડી સ્મૃતિચિહ્ન આપ્યું તો શ્રી ચિમનભાઈએ રૂ. ૨૫,૦૦૦નો ચેક અર્પણ કર્યો. પોતાના પ્રતિભાવમાં શ્રી ધીરુભાઈએ નર્મદથી મણિલાલ – પંડિતયુગના સાહિત્યકારો અને ગાંધીજી સુધીની ગુજરાતી ચિંતનધારાના વિકાસની વાત કરી. મણિલાલ દ્વિવેદીના વિચારજગતને ધીરુભાઈએ કેન્દ્રમાં રાખ્યું હતું. શ્રી નારાયણભાઈએ અધ્યક્ષપદેથી ધીરુભાઈના મહત્ત્વનાં જીવનકાર્યરૂપ એવા વિશ્વકોશના ક્ષેત્રમાં એમણે પ્રાપ્ત કરેલી ઉપલબ્ધિ પર ભાર મૂક્યો હતો. સભાનું સંચાલન-પરિચય વગેરે શ્રી અનિલા દલાલે કર્યું હતું. શ્રી રાજેન્દ્ર પટેલે આભારદર્શન કર્યું હતું.

S

**યશલક્ષ્મી પુસ્તક સહાય યોજના** અંતર્ગત આ વર્ષનાં પુસ્તકો જ્ઞાનસાગર વાંચનાલય મુ. ગુંદી, તા. ધોળકા, જિ. અમદાવાદને આપવામાં આવ્યાં છે.

r